Member of
CREDAI GUJARAT

CONFEDERATION OF REAL ESTATE DEVELOPERS ASSOCIATION OF INDIA - SURAT
3rd Floor, Association Office Building, Nr. Surat International Exhibition And Convention Center, Khajodd Chokdi, Sarsana, SURAT-395007.
Tele: +91 73839 33777 | Email: info@credai-surat.com | Website: www.credai-surat.com

CREDAI SURAT

**Ref.No. : CREDAI/SRT/**F41/24/2022

તા.૨૨/૦૪/૨૦૨૨

પ્રતિ,

**ચેરમેનશ્રી,**

ગુજરાત ગેસ કંપની લિમીટેડ,

ગુજરાત ગેસ CNG સ્ટેશન,

સેકટર-5/C, ગાંધીનગર

**વિષય : ગુજરાત ગેસલાઇન કનેકશન મેળવવા માટેની કાર્યવાહીમાં થતાં વિલંબ બાબતે**

**મહોદયશ્રી,**

સવિનય સહ ઉપરોકત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, ક્રેડાઇ-સુરતનાં ડેવલોપર્સ દ્વારા તેયાર થતાં પ્રોજેકટમાં ગેસ કનેકશન અંગેની માંગણી કર્યા પછી ઘણો બધો સમય ટાઇમ લાગતો હોવાથી ક્રેડાઇ-સુરત દ્વારા ગુજરાત ગેસ કંપની સાથે અગાઉ મીટીંગ કરેલ હતી.

રેડી પઝેશન માટે તૈયાર થયેલા યુનિટોમાં ડેવલોપર્સ/અરજદારો દ્વારા અરજી આપવા છતાં પણ ગેસ કનેકશન માટે સાઇટ વિઝીટ કરવામાં આવતી નથી કે ગેસ કનેકશન આપવા માટેના કોઇ નક્કર પગલા ભરવામાં આવતા નથી. ગુજરાત ગેસ કંપની તરફથી રજુઆત હતી કે, ગેસલાઇનની સેવા આપવામાં કોન્ટ્રાકટરોની અછતનાં કારણે ઝડપથી કાર્યવાહી થઇ શકતી નથી પરીણામે ગેસલાઇન મેળવવાની કાર્યવાહીમાં ઘણો વિલંબ થાય છે.

સર્વિસ માટે ધી બેસ્ટ કહી શકાય તેવી ભારતની સૌથી મોટી ગુજરાત ગેસ કંપની આવા ક્ષુલ્લક કારણો દર્શાવી વિકાસશીલ ગુજરાતના નાગરિકોને ગેસ સેવાથી વંચિત કરી રહ્યું છે જે બાબતે અમો ખેદ વ્યકત કરીએ છીએ. કોન્ટ્રાકટરોનાં અછતની સમસ્યા છેલ્લા બે વર્ષથી હોવા છતાં તે સમસ્યાનું નિરાકરણ હજુ સુધી મળી શકયુ નથી અને તેના કારણે અમો ડેવલોપર્સ અને યુનિટ ધારકોને ખુબ મુશ્કેલી ભોગવવી પડે છે.

RAVJI PATEL, Chairman, 99252 05961 | SANJAY MANGUKIYA, President, 98251 22383 | G.R. ASODARIA, Vice- President, 98251 43517 | DR. JIGNESH PATEL, Vice- President, 93755 44000 | VIJAY DHAMELIA, Vice- President, 98258 00402 | BHAVESH SANGHAVI, Hon. Secretary, 98251 20206
AMAR RAVAL, Hon. Jt. Secretary, 98251 26001 | TUSHAR LAKHANI, Hon. Jt. Secretary, 98259 05444 | UMESH PATEL, Hon. Jt. Secretary, 98251 35657 | DIPAN DESAI, Treasurer, 98241 14798 | HARESHBHAI MOTISARIYA, Jt. Treasurer, 98243 55311 | HARSHIL DELIWALA, Chief Co-ordinator, 98251 40401

ગુજરાત ગેસ સેવાને આવશ્યક સેવામાં સમાવેશ કરી ફાયર, વોટર અને ડ્રેનેઝની જેમ જ ગુજરાત ગેસ સેવાને શરૂઆતના તબક્કામાં જ અરજી કર્યેથી પરવાનગી આપવી જોઇએ. એસ.એમ.સી અને ગુજરાત ગેસ કંપની વચ્ચે સંકલન સાધી અન્ય જમીનોમાંથી પસાર થતી ગેસ લાઇન અંડર ગ્રાઉન્ડ નાંખવા અગ્રીગમતાનાં ધોરણે પરવાનગી આપવાથી રહેઠાંણના યુનિટ ધારકોને ગેસ પુરવઠો યુનિટના કબ્જા સાથે મળી શકે તે આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતિ છે.

વધુમાં, રેડી પઝેશન માટે તૈયાર થયેલા યુનિટોમાં પાછળથી ગેસ કનેકશન કાર્યવાહીમાં ડેવલોપર્સ દ્વારા યુનિટ ધારકોને આપવામાં આવતી તૈયાર એમીનીટીઝ ફેસીલીટી, પાકા RCC રોડ અને મોંઘી ગ્રેનાઇટસને તોડીને ખોદકામ કરવું પડતું હોય છે જેથી રહીશ યુનિટધારકો અને ડેવલોપર્સનો સમય અને નાણાં એમ બંને રીતે નુકશાન થતુ હોય છે.

આથી, આપશ્રીને અમારી નમ્ર અરજ છે કે જરૂરી પગલા લઇ યુનિટ ધારકોને ગેસ પુરવઠો યુનિટના કબ્જા સાથે મળી શકે તે રીતે આયોજન કરી સત્વરે ગેસલાઇન જેવી આવશ્યક સેવાઓ ઝડપથી આપવા નમ્ર વિનંતિ છે.

આપના સહકારની અપેક્ષા સહ.

**લિ. આપના વિશ્વાસુ**

Bhavesh Sanghavi

| | | |
|---|---|---|
| **રવજીભાઇ પટેલ** | **સંજય માંગુકીયા** | **ભાવેશ સંઘવી** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્‌મંત્રી** |
| **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** |

**નકલ સાદર રવાના પ્રતિ,**

- **ગુજરાત ગેસ કંપની લિમીટેડ,** પ્લોટ નં.૮૭-૮૮, અડાજણ ગામ, સુરત

GUJARAT GAS LIMITED
RECEIVED
Dt. 22-04-22
17:10
SURAT

भारतीय डाक

India Post

EG090779264IN IVR:6971090779264
SP ANAND MAHAL ROAD SO <395009>
Counter No:1,23/04/2022,09:38
To:CHAIMAN SRI ,GUJRAT GAS LTD
PIN:382010, Gandhinagar Gujarat HO
From:CREDAI SURAT,KHAJOD CHOKDI
Wt:10gms
Amt:41.30(Cash)Tax:6.30
<Track on www.indiapost.gov.in>